**સને ૨૦૧૩–૧૪ની આયોજન હેઠળની માંગણી ક્રમાંક : ૯૬ હેઠળની ટીએસપી ફલો ની નવી સેવાને વહીવટી મંજુરી આપવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બજટ/૨૦૧૨/૫૮૧(૪)/લ,
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ– ૯/૪/૨૦૧૩.

**વંચાણે લીધા :**

૧. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ, ગાંધીનગરનો તા.૯/૧૦/૨૦૧૨ નો પત્ર નં.ગુપોહા/એકા/૩૭૭/૭૮૪૫/૨૦૧૨.

**ઠરાવ:**

સને ૨૦૧૩–૧૪ માં પોલીસ મહાનિદેશક તથા મુખ્ય પોલીસ અધિકારીશ્રી ધ્વારા પૂરી પાડવામાં આવતી અગ્રતા યાદી પરથી આદિજાતિ વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત પોલીસ ખાતા માટેના વિવિધ કક્ષાના રહેણાંક તેમજ બિન રહેણાંકના નવા કામો માટેનાં રૂા. ૧૧.૫૦ કરોડની નવી બાબતને બજેટમાં મંજુર થયેલ જોગવાઈની મર્યાદામાં નીચે દર્શાવેલ શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૩–૧૪ ની જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવેલ ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે. આ રકમનો ફકત નવા કામ માટે ઉપયોગ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતાં ધારા ધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) સૂચિત કામો NREGA હેઠળ લેવાના થતા હોય તો આવા કામો ઉપલબ્ધ ગ્રામીણ મજુરો દ્વારા જ લેવામાં આવે તેની અચુક તકેદારી રાખવાની રહેશે.

(૪) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત જણાય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સંબંધિત પોલીસ કમિશ્નરશ્રી/પોલીસ અધિક્ષકશ્રી કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે.

જમીન સંપાદનના અભાવે યોજનાની કામગીરી ખોરંભે ન પડે તે અંગે વિભાગ કક્ષાએ પુરતી તકેદારી રાખવાની રહેશે. જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્કઓર્ડર આપવાના રહેશે.

(૫) રેલ્વે વન અને પર્યાવરણ કે પ્રદુષણ બોર્ડ જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે / ઝડપથી કામગીરી શરૂ કરવાની રહેશે.

(૬) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) નિગમે સૂચિત યોજના અંગેનું અસરકારક મોનીટરીગ કરવાનું રહેશે અને યોજનાનો મૂળ હેતુ જળવાય તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.

(૮) સમયસર કામ પૂર્ણ થાય તેની જવાબદારી નિગમની રહેશે.

(૯) અંદાજીત રકમમાં જો વધારો થાય તો નાણાં વિભાગની મંજુરી અચૂકપણે લેવાની રહેશે.

(૧૦) નિયત થયેલ કામમાં વધારો ઘટાડો થાય તો સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

(૧૧) બાંધકામની યોજના માટે નિગમે નવા એસ.ઓ.આર. મુજબ નકશા અંદાજો રજુ કરીને સક્ષમ અધિકારીની વહીવટી/તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૧૨) આ બાંધકામ ની અંદર કમ્પાઉન્ડ વોલનો સમાવેશ કરી દેવાનો રહેશે.

(૧૩) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/ ૧૦૨૦૦૫/૧૪૦૭/છ,તા.૨૨/૧૧/૨૦૦૬ "ઈ" ટેન્ડરીગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ/ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) આ બાંધકામ સમયમર્યાદામાં સંતોષકારક રીતે પૂર્ણ થાય તે માટેની મોનિટરીગની વ્યવસ્થા નિગમ કક્ષાએ ગોઠવવી અને કામની સમીક્ષા અંગે સમયાંતરે બેઠક યોજવાની રહેશે.

૨. ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ.,એ તેને ફાળવવામાં આવનાર ઉકત રકમ આ વિભાગના ઉપસચિવશ્રીની પ્રતિસહીથી ઉપાડવાની રહેશે.

૩. નિગમે દર મહિને આ અંગેની રકમમાંથી કરવામાં આવતા ખર્ચની અને તે ધ્વારા થનાર બાંધકામની વિગતવાર માહિતી આપતા પત્રકો તે પછીના મહીનાની દશમી તારીખ સુધીમાં આ વિભાગની લ–શાખા તથા ૨–શાખા (બજેટ શાખા)ને મોકલી આપવાના રહેશે.

૪. આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ ચાલુ વર્ષમાં થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૯૬ (આયોજન હેઠળ) |
| મુખ્ય સદર | : | ૪૨૧૬ આવાસન અંગે મૂડી ખર્ચ જોગવાઈ |
| પેટા મુખ્ય સદર | : | (૦૧) સરકારી રહેણાંકના મકાન. |
| ગૌણ સદર | : | (૭૯૬) આદિજાતિ વિસ્તાર પેટા યોજના |

| | | |
|---|---|---|
| પેટા સદર | : | (૦૫)ગુજરાત રાજ્ય પોલીસ આવાસન નિગમ લિ. ને ફાળો. |
| કોમ્પ્યુટર કોડ | : | ૧૧૪૬૨૬ |
| હેડ ચાર્જેબલ | : | ૪૨૧૬ ૦૧ ૭૯૬ ૦૫ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૩/૪/૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( હસમુખ પટેલ)**
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

**<u>નકલ રવાના:</u>**

- મેનેજીગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ., ગાધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, નવા સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી,(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(ટીસીએન્ડટી) ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણાં વિભાગ,અ–શાખા, સચિવાલય,ગાંધીનગર./ગૃહ વિભાગ, વ અને ૨–શાખા, સચિવાલય
- તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર
- વીમા નિયામકશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.